આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જીવનની પ્રત્યેક ક્ષણમાં આનંદ તો છુપાયેલો જ હોય છે તમારે એને શોધી કાઢતાં આવડવો જોઇએ
- ચાંપશી ઉદ્દેશી

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૮૩ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૨, બુધવાર; અધિક ભાદરવા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં બેંકોનું કૃષિક્ષેત્રે ૨૭૮ કરોડનું ધિરાણ

## જિલ્લા બેંકર્સ બેઠકમાં વિસ્તૃત ચર્ચા : કૃષિક્ષેત્રે ૨૬૦ કરોડ, ૧૫ કરોડ કૃષિક્ષેત્રે ટર્મ લોન અને ૩ કરોડનું ધિરાણ કૃષિ સંલગ્ન ક્ષેત્રે કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં એપ્રિલથી જુન-૨૦૧૨ દરમ્યાન કૃષિક્ષેત્રે કુલ ધિરાણ ૨૭૮ કરોડ કરી જિલ્લાના અર્થતંત્રને વધુ મજબુત બનાવવાની દિશામાં બેંકોએ કામગીરી કરી છે.

જિલ્લા કક્ષાની બેંકર્સબેઠક આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મળી હતી. આ બેઠકમાં જણાવાયા મુજબ કૃષિક્ષેત્રે રૂ. ૨૬૦ કરોડનું ધિરાણ તેમજ કૃષિક્ષેત્રે ટર્મલોન પેટે રૂ. ૧૫ કરોડનું ધિરાણ અને કૃષિ સંલગ્ન ક્ષેત્રે રૂ. ૩ કરોડનું ધિરાણ મળી કુલ ૨૭૮ કરોડ રૂ.નું ધિરાણ કરવામાં આવ્યુંછે.

જે જિલ્લામાં થયેલા કુલ ધિરાણના વાર્ષિક લક્ષ્યાંક સામે ૩૧ ટકા જેટલુ થવા જાય છે. બેંકિંગ ક્ષેત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે માર્ચ-૨૦૧૨ના પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળાની તુલનામાં તે ૨.૯૮ ટકા ધિરાણ વધુ થયું છે.

જિલ્લાના સંતુલિત વિકાસને ધ્યાને લઈ ધિરાણનો એક્શન પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો છે.

ચાલુ નાણાંકીય વર્ષનો પ્રથમ ત્રિમાસિક ગાળાને અંતે પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રો સહિત ૨૭ ટકા જેટલુ ધિરાણ થયું છે. જેમાં ૨૩ ટકા વેપારી બેંકોનો હિસ્સો ૨૧ ટકા ખાનગી બેંકોનો હિસ્સો અને ૪૦ ટકા ગ્રામીણ તથા સહકારી બેંકોએ ધિરાણ કર્યું છે.

આજે મળેલ બેઠકમાં લેવાયેલ મહત્વના નિર્ણય મુજબ હવે જિલ્લા સેવાસદનના જનસેવા કેન્દ્રમાંથી કૃષિ ધિરાણ માટેના અરજીપત્રકો ઉપલબ્ધ બનશે. ગુજરાતી ભાષામાં અત્યંત સરળ આ ફોર્મ બનાવવામાં આવ્યું હોવાનું બેંકર્સોએ જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર




ચોમાસું મોળું જવાની ને દુકાળ પડવાની વાતો હવે મોળી પડી ગઈ છે ને સર્વત્ર હવે વરસાદની જ ચર્ચા છે. લગભગ અંદાજ મુજબ વરસી ચૂકેલા ને એ પછી પણ હજુ પડી રહેલા વરસાદથી ગુજરાતની પ્રજામાં તો ખુશીની લહેર છે જ, પરંતુ પશુ-પક્ષીઓ અને સમગ્ર જીવ જગત પણ આ સુંદર વરસાદથી હર્ષી ઊઠ્યું છે. વરસાદને જોઈને હરખાતો આ મોરલો આ સઘળી વાતોનું પ્રતીક છે. લીલુંછમ્મ ખેતર છે ને મોજથી કળા કરતો મોર છે. સમૃદ્ધિ અને આનંદ એ બેય આગામી વર્ષે રાજ્યમાં રહેશે એવું આ તસવીર પ્રતીત કરાવે છે. (તસવીર : દિપક જાની)

# શહેરમાં મોડી રાત્રે તોફાની વરસાદ : બે ઈંચ પાણી વરસ્યું

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં દિવસ દરમિયાન રીમ-ઝીમ છાંટણા વરસાવી જતા મેઘરાજા મોડી રાત્રે તોફાની સ્વરૂપે વરસે છે. ગઈ કાલે મધ્યરાત બાદ વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટાના અંતે વાદળગર્જના અને આક્રમક વીજકડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. માત્ર એક જ કલાકમાં બે ઈંચ પાણી ટપકતા નગર આખું વરસાદી પાણીમાં ઘમરોળાયું હતું. મોડી રાત્રે અચાનક વરસેલા તોફાની વરસાદનો નઝારો નિહાળવા સેકટરવાસીઓ ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા. એકધારા વરસતા ધોધમાર વરસાદના લીધે ચોમેર વરસાદી પાણી ઉભરાઈ આવ્યા હતા. આજે પણ દિવસના મચ્છરીયા વરસાદની સાથે વાદળિયો માહોલ યથાવત રહેતા નગરજનોએ વરસાદી વાયરો અનુભવ્યો હતો. જિલ્લામાં પર્યાપ્ત વરસાદના લીધે ખોતપાકોને ફાયદો થયો છે. જેથી ખેડૂતો પણ હર્ષની લાગણી અનુભવી રહ્યા છે. અત્યાર સુધીમાં સિઝનનો ૬૭૮ મી.મી. વરસાદ નોંધાયો છે. સતત વરસતા વરસાદના લીધે શહેરમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ તરવરી રહી છે.



ગુજરાતમાં ગુટખા પાન-મસાલા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યા બાદ તંત્ર દ્વારા આના વેચાણ ઉપર નજર રાખવામાં આવી હતી જેનાં ભાગરૂપે ગુટખાનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

# જિલ્લાના ૭૦ ટકા ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ અપાયાં

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં કિસાન ક્રેડિટ કાર્ડ ધિરાણ યોજના અંતર્ગત ૭૦ ટકા જેટલા ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં એક લાખ ચાર હજાર જેટલા ખેડૂતો સામે અત્યાર સુધીમાં ૭૬,૪૬૩ ખેડૂતોને કિસાન ક્રેડીટ કાર્ડ ધિરાણ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

આજે જિલ્લાકક્ષા બેંકિંગ સેવાઓની મળેલ સમીક્ષા બેઠકમાં આ હકીકત બહાર આવી છે. એપ્રિલ-૨૦૧૨ થી જુન-૨૦૧૨ દરમ્યાન જિલ્લામાં ૮૧૯૨ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ ધિરાણ અંતર્ગત રૂ. ૧૦૪ કરોડનું ધિરાણ બેંકો દ્વારા કરવામાં આવ્યું છે.

# જિલ્લાનાં ૪૪ ગામોને માર્ચ-૧૩ સુધીમાં બેંકીંગ સેવાથી સાંકળી લેવાશે

ગાંધીનગર, તા. ૧૧

માર્ચ-૨૦૧૩ સુધીમાં જિલ્લામાં બે હજારથી ઓછી વસ્તી ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

બેંકિંગ સેવાઓ ગ્રામ્ય વિસ્તારમાં વધે તે માટે ભારત સરકાર અને રિઝર્વ બેંકના આદેશોને પગલે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં ૧૨૯ ગામો એવા છે જ્યાં આજે પણ બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ નથી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ૧૨૯ ગામો બે હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામો છે. આ ગામોમાં દહેગામના ૫૮, ગાંધીનગરના ૨૪, કલોલના ૩૪ અને માણસાના ૧૩ ગામોનો સમાવેશ થાય છે. બેંકોએ માર્ચ ૨૦૧૩ સુધીમાં ૪૪ ગામોને આવરી લેવા માટેનું આયોજન હાથ ધર્યું છે.

દરમ્યાન એપ્રિલ-૧૨ થી જુન-૧૨ના ત્રિમાસિક ગાળામાં જિલ્લામાં બેંકોની ૧૮ નવી શાખાઓ કાર્યરત થઈ છે તે પણ નોંધનીય છે.

**LCD TV રીપેરીંગ**

**આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે**

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

# બહુચરાજીથી ચૂંટણી પ્રચારના પ્રારંભમાં કૌભાંડો મુખ્ય નિશાન

### મોદીએ કેન્દ્ર સરકારના કૌભાંડો અને ગુજરાતના વિકાસની રાજનિતી બતાવી કોંગ્રેસને ચોંકાવી દીધી, પ્રતિકાર માટે તૈયાર થવા નેતાઓને આદેશ

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણીનો આક્રમક પ્રચાર શરૂ કરી પ્રદેશ કોંગ્રેસને ચોંકાવી દીધાં છે. ગુટખા ઉપર પ્રતિબંધ મૂકવાની સાથે સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાના પ્રારંભે બહુચરાજીમાં મોદીએ કેન્દ્ર સરકાર ઉપર ચાબખા માર્યા છે. સાથે સાથે કોલગેટ કૌભાંડનો ઉલ્લેખ કરી મોદીએ તેમના ચૂંટણી પ્રચારના મુખ્ય મુદ્દાને ઓપન કર્યો છે.



ગુજરાતમાં ભાજપના નેતાઓ કોલગેટ અને કોંગ્રેસ સરકારના કૌભાંડો ખુલ્લા કરીને ચૂંટણી જીતવાનો મનસૂબો રાખે છે જેની સાથે ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં થયેલા વિકાસને પણ આગળ કરી રહ્યા છે. લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતની આ ચૂંટણી ભાજના નેતાઓ માટે લીટમસ ટેસ્ટ બની રહેશે. આ મુદ્દાઓ ચાલ્યા તો આવનારી સંસદની ચૂંટણીમાં પણ તેનો છૂટથી ઉપયોગ કરવામાં આવે તેવી ગણતરી ચાલે છે.

બીજી તરફ કોંગ્રેસે તેનો મોરચો હજી ખોલ્યો નથી. મોદી જે યાત્રાઓ કરે તેનો વિરોધ કરવા સિવાય કોંગ્રેસના નેતાઓ પાસે કોઈ કાર્યક્રમ હોય તેમ જણાય છે. સચિવાલયના વહીવટમાં કામ કરતાં અધિકારીઓ કહે છે કે આ વખતે કોંગ્રેસ ગુજરાતની પ્રજા માટેની યોજનાઓ તેના પ્રચારમાં સમાવશે નહીં અને માત્ર મોદી અને તેમના કાર્યક્રમોનો વિરોધ થશે તો ૨૦૦૨ અને ૨૦૦૭નું પુનરાવર્તન થઈ શકે છે.

ગુજરાતને કેન્દ્રનો અન્યાય એ વિષય મોદીએ ભાજપની જાહેરાતોમાં લઈ લીધો છે ત્યારે કોંગ્રેસે તેનો પ્રતિકાર કરતી અસરકારક જાહેરાતો આપવાની જરૂર હોવાનુ કોંગ્રેસના એક નેતાએ કહ્યું હતું. કોંગ્રેસને ભાજપ નહીં કોંગ્રેસના લોકો જ હરાવે છે તેવા મુદ્દાનું પણ આ વખતે વિશ્લેષણ કરવામાં આવ્યું હોવાથી કોંગ્રેસ ઉમેદવારોની પસંદગીમાં આ વખતે ઉતાવળ કરવાના મૂડમાં નથી. પ્રદેશ કોંગ્રેસના નેતાઓને મોદીના આરોપનો સજ્જડતાથી પ્રતિકાર કરવાની સૂચના દિલ્હીથી આપવામાં આવી છે.

### ચૂંટણી ક્યારે જાહેર થશે...

ગુજરાતમાં સપ્ટેમ્બર મહિનાના છેલ્લા સપ્તાહમાં અથવા તો ઓક્ટોબર મહિનાના પ્રારંભે ચૂંટણીની તારીખ જાહેર થાય તેવી સંભાવના છે. એટલું નિશ્ચિત છે કે મોદીની યુવા વિકાસ યાત્રા દરમ્યાન ચૂંટણીની આચાર સંહિતા આવશે.



